અરબી-ગુજરાતી

# કુરઆને મજીદ

## પારા-૧૧

### - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …
www.hajinaji.com

• Like us on Facebook •

# નોંધ.....

➔ વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે [www.hajinaji.com](http://www.hajinaji.com) પર લોગ ઓન કરો.

➔ કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો જાણ કરવા વિનંતી. [hajinajitrust@gmail.com](mailto:hajinajitrust@gmail.com)

# અનુક્રમણિકા


| નં. | સૂરાનું નામ | પેજ |
|---|---|---|
| ૯ | સૂર-એ-તૌબા<br>(આયત ૯૪ થી ૧૨૯) | ૪ |
| ૧૦ | સૂર-એ-યુનુસ<br>(આયત ૧ થી ૧૦૯) | ૩૭ |
| ૧૧ | સૂર-એ-હુદ<br>(આયત ૧ થી ૫) | ૧૧૮ |

يَعۡتَذِرُوۡنَ اِلَيۡكُمۡ اِذَا رَجَعۡتُمۡ اِلَيۡهِمۡ ؕ قُلۡ لَّا تَعۡتَذِرُوۡا لَنۡ
نُّؤۡمِنَ لَكُمۡ قَدۡ نَبَّاَنَا اللّٰهُ مِنۡ اَخۡبَارِكُمۡ ؕ وَسَيَرَى اللّٰهُ
عَمَلَكُمۡ وَرَسُوۡلُهٗ ثُمَّ تُرَدُّوۡنَ اِلٰى عٰلِمِ الۡغَيۡبِ وَالشَّهَادَةِ
فَيُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ تَعۡمَلُوۡنَ ﴿٩٤﴾

(૯૪) જ્યારે તમે તેમની પાસે (જેહાદથી) પાછા ફરશો ત્યારે તેઓ (મુનાફિકો પોતાની ગેરહાજરી માટે) તમારી પાસે (કાંઇ) બહાનું (ઉપજાવી) કાઢીને આવશે; (પણ અય રસૂલ!) તું કહેજે કે (જુઠા) બહાના ન કાઢો, અમે તમારી વાત હરગિજ માનીશું નહિ; અલ્લાહ તમારી હકીકતથી અમને

(પ્રથમથી જ) વાકેફ કરી ચૂક્યો છે; અને નજીકમાંજ અલ્લાહ તથા તેનો રસૂલ તમારી વર્તણુંક પણ જોઇ લેશે, પછી તમે છુપા અને જાહેરના જાણનાર (અલ્લાહ)ની પાસે ફેરવવામાં આવશો. પછી જે જે તમે કાર્યો કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

سَيَحْلِفُوْنَ بِاللّٰهِ لَكُمْ اِذَا انْقَلَبْتُمْ اِلَيْهِمْ لِتُعْرِضُوْا عَنْهُمْ ؕ فَاَعْرِضُوْا عَنْهُمْ ؕ اِنَّهُمْ رِجْسٌ ؗ وَّمَاْوٰىهُمْ جَهَنَّمُ ۚ جَزَآءًۢ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿۹۵﴾

(૯૫) નજીક (ના સમય)માં તેઓ તમારી સમક્ષ કે જ્યારે તમે (જેહાદથી) તેમની તરફ ફરીને આવશો

ત્યારે અલ્લાહની કસમ ખાશે એટલા માટે કે તમે તેમનાથી દરગુજર કરો; પણ તમે તેમના તરફથી જરૂર મોઢું ફેરવી લેજો; બેશક તેઓજ નાપાક છે અને તેમનું સ્થાન જહન્નમ છે; આ તેઓ જે કરતા હતા તેનો બદલો છે.

يَحْلِفُونَ لَكُمْ لِتَرْضَوْا عَنْهُمْ ۚ فَإِنْ تَرْضَوْا عَنْهُمْ فَإِنَّ اللَّهَ لَا
يَرْضَىٰ عَنِ الْقَوْمِ الْفَاسِقِينَ ﴿٩٦﴾

(૯૬) તેઓ તમારી સામે એ માટે સોગંદ ખાય છે કે તમે તેમનાથી રાજી થઇ જાઓ; પછી અગર તમે તેમનાથી રાજી થઇ પણ જાઓ તો પણ અલ્લાહ તો નાફરમાન લોકોથી (ખરેખર) રાજી થશે નહિ.

اَلۡاَعۡرَابُ اَشَدُّ كُفۡرًا وَّنِفَاقًا وَّاَجۡدَرُ اَلَّا يَعۡلَمُوۡا حُدُوۡدَ مَاۤ
اَنۡزَلَ اللّٰهُ عَلٰى رَسُوۡلِهٖ ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ﴿۹۷﴾

(૯૭) અરબના ગામડીયાઓ નાસ્તિકપણા તથા નિફાકમાં ઘણાજ સખત છે. અને તેઓ એનેજ લાયક છે કે અલ્લાહે પોતાના રસૂલ પર જે ધર્મ નિયમો ઉતાર્યા છે તે તેઓ (મુદ્દલ) સમજી ન શકે; અને અલ્લાહ સર્વજ્ઞ (અને) હિકમતવાળો છે.

وَمِنَ الۡاَعۡرَابِ مَنۡ يَّتَّخِذُ مَا يُنۡفِقُ مَغۡرَمًا وَّيَتَرَبَّصُ بِكُمُ
الدَّوَآئِرَ ؕ عَلَيۡهِمۡ دَآئِرَةُ السَّوۡءِ ؕ وَاللّٰهُ سَمِيۡعٌ عَلِيۡمٌ ﴿۹۸﴾

(૯૮) અને બદ્દુઓમાંથી કોઇ કોઇ એવા પણ છે કે તે (અલ્લાહના માર્ગમાં) જે કાંઇ ખર્ચે છે તેને દંડ

(તરીકે) ગણે છે, અને તમારા પર ઝમાનાની ગર્દીશો (કાળચક્રો) પડવાની વાટ જુએ છે; (પરંતુ) ઝમાનાની બૂરામાં બૂરી ગર્દીશો તેમનાજ ઉપર પડવાની છે; અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

وَمِنَ الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَتَّخِذُ مَا
يُنْفِقُ قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ الرَّسُوْلِ ؕ اَلَاۤ اِنَّهَا قُرْبَةٌ
لَّهُمْ ؕ سَيُدْخِلُهُمُ اللّٰهُ فِيْ رَحْمَتِهٖ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿٩٩﴾

(૯૯) અને ગામડિયાઓમાંથી કોઇ કોઇ એવા પણ છે કે જે અલ્લાહ તથા કયામત પર ઇમાન રાખે છે અને (અલ્લાહના માર્ગમાં) જે કાંઇ ખર્ચે છે તેને

અલ્લાહની નજદીકી તથા રસૂલની દુઆ (મેળવવા) અર્થે ખર્ચે છે; જાણી લો કે તે (ખર્ચ કરવું) તેમના માટે નિઃસંશય (અલ્લાહની) નજીક થવાનું કારણ બનશે; (વળી) નજીકમાં અલ્લાહ તેમને પોતાની રહેમતમાં દાખલ કરી લેશે; બેશક અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ وَالَّذِيْنَ
اتَّبَعُوْهُمْ بِاِحْسَانٍۙ رَّضِىَ اللّٰهُ عَنْهُمْ وَرَضُوْا عَنْهُ وَاَعَدَّ
لَهُمْ جَنّٰتٍ تَجْرِىْ تَحْتَهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ ذٰلِكَ
الْفَوْزُ الْعَظِيْمُ ۝١٠٠

(૧૦૦) અને મુહાજેરીન (હિજરત કરનારા) તથા અન્સાર (સહાય કરનારા) માંના સૌથી પહેલાં (ઇમાન તરફ) પહેલ કરનારા અને તે લોકો કે જેમણે શુભ હેતુથી તેમનું અનુકરણ કર્યું તેમનાથી અલ્લાહ રાજી થઇ ગયો છે, અને તેઓ તેનાથી રાજી થઇ ગયા છે, અને તેમના માટે બગીચા તૈયાર કર્યા છે જેની હેઠળ નદીઓ વહે છે, તેમાં તેઓ સદાને માટે રહેશે; એજ સૌથી મહાન સફળતા છે.

وَمِمَّنْ حَوْلَكُمْ مِّنَ الْاَعْرَابِ مُنٰفِقُوْنَ ۛؕ وَمِنْ اَهْلِ الْمَدِيْنَةِ ۛؔ مَرَدُوْا عَلَى النِّفَاقِ ۟ لَا تَعْلَمُهُمْ ؕ نَحْنُ

نَعۡلَمُهُمۡ ؕ سَنُعَذِّبُهُمۡ مَّرَّتَيۡنِ ثُمَّ يُرَدُّوۡنَ اِلٰى عَذَابٍ
عَظِيۡمٍ ۚ﴿۱۰۱﴾

(૧૦૧) અને (અય મુસલમાનો!) તમારી આસપાસના અરબના ગામડિયાઓ માંના કેટલાક મુનાફિકો છે, અને મદીનાવાળાઓમાંથી પણ; તેઓ નિફાકપણા ઉપર અડીને બેઠા છે; (હે રસૂલ!) તું તેમને નથી જાણતો; અમે તેમને જાણીએ છીએ; નજીકમાં અમે તેમને બેવડો અઝાબ આપીશું, પછી તેમને મહાન અઝાબ તરફ વાળવામાં આવશે.

وَاٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّاٰخَرَ
سَيِّئًا ؕ عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ عَلَيْهِمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ
رَّحِيْمٌ ﴿۱۰۲﴾

(૧૦૨) અને બીજા કેટલાક એવા પણ છે કે જેમણે પોતાના ગુનાહોની કબુલાત કરી લીધી છે; તેમણે સત્કાર્યોને બદકાર્યોમાં ભેળવી નાખ્યા છે; બનવા જોગ છે કે અલ્લાહ તેમની તૌબા કબૂલ કરી લે; બેશક અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا وَصَلِّ
عَلَيْهِمْ ؕ اِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ؕ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ﴿۱۰۳﴾

(૧૦3) (અય રસૂલ!) તેમના માલમાંથી ઝકાત લેતો રહે કે તે વડે તું તેમને પાક અને પવિત્ર બનાવે અને તેમના માટે (રહેમતની) દુઆ કર; બેશક તારી દુઆ તેમના માટે શાંતિનું કારણ બને છે; અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.

اَلَمۡ يَعۡلَمُوۡۤا اَنَّ اللّٰهَ هُوَيَقۡبَلُ التَّوۡبَةَ عَنۡ عِبَادِهٖ وَيَاۡخُذُ
الصَّدَقٰتِ وَاَنَّ اللّٰهَ هُوَالتَّوَّابُ الرَّحِيۡمُ ﴿١٠٤﴾

(૧૦૪) શું તેઓ આ વાત નથી જાણતા કે અલ્લાહજ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરી લે છે અને તેમના સદકા (ખેરાત) પણ કબૂલ કરે છે

અને અલ્લાહજ સૌથી મહાન તૌબા કબૂલ કરનાર (અને) દયા કરનાર છે.

وَقُلِ اعۡمَلُوۡا فَسَيَرَى اللّٰهُ عَمَلَكُمۡ وَرَسُوۡلُهٗ وَالۡمُؤۡمِنُوۡنَ ؕ
وَسَتُرَدُّوۡنَ اِلٰى عٰلِمِ الۡغَيۡبِ وَالشَّهَادَةِ فَيُنَبِّئُكُمۡ بِمَا كُنۡتُمۡ
تَعۡمَلُوۡنَ ۚ‏ ﴿۱۰۵﴾

(૧૦૫) અને (અય રસૂલ! તેમને) કહે કે તમે અમલ કર્યે જાઓ નજીકમાં અલ્લાહ તથા તેનો રસૂલ તથા મોઅમીનો તમારા કર્મોને જોઇ લેશે; અને નજીકમાંજ તમે જાહીર અને છુપુ જાણનાર (અલ્લાહ)ની બારગાહમાં પાછા ફેરવવામાં આવશો,

પછી તમે જે જે કાંઇ કર્યા કરતા હતા તેનાથી તે તમને વાકેફ કરી દેશે.

وَاٰخَرُوْنَ مُرْجَوْنَ لِاَمْرِ اللّٰهِ اِمَّا يُعَذِّبُهُمْ وَاِمَّا يَتُوْبُ عَلَيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ ﴿١٠٦﴾

(૧૦૬) અને તેઓમાંથી બીજા કેટલાક એવા છે જેઓ અલ્લાહના નિર્ણયની રાહ જોતા રહ્યા છે, ચાહે તો તે (અલ્લાહ) તેમને શિક્ષા કરે, અથવા તો તેમની તૌબા કબૂલ કરે, અને અલ્લાહ મહાન જ્ઞાનિ (અને) હિકમતવાળો છે.

وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًا بَيْنَ الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ

وَلَيَحۡلِفُنَّ اِنۡ اَرَدۡنَاۤ اِلَّا الۡحُسۡنٰى‌ؕ وَاللّٰهُ يَشۡهَدُ اِنَّهُمۡ لَـكٰذِبُوۡنَ‏ ﴿۱۰۷﴾

(૧૦૭) અને (આ મુનાફિકોમાંથી કેટલાકો છે કે) જેઓએ એક મસ્જિદ નુકસાન પહોંચાડવા તથા નાસ્તિકપણું ફેલાવવા તથા મોઅમીનોમાં ફાટફુટ પાડવા તથા જે શખ્સ અલ્લાહ અને તેના રસૂલ સાથે પહેલાં લડ્યો હતો તેના આશ્રય માટે બનાવી છે; છતાં સોગંદ પૂર્વક અવશ્ય કહેશે કે અમારો હેતુ તો નેકી (કરવા) સિવાય બીજો કાંઇ ન હતો; અને અલ્લાહ સાક્ષી આપે છે કે નિઃસંશય તેઓ જૂઠા જ છે.

لَا تَقُمْ فِيْهِ اَبَدًا ؕ لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ

اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ

يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ﴿١٠٨﴾

(૧૦૮) (અય રસૂલ!) તે મસ્જિદમાં તું કદી (પણ નમાઝ પઢવા) ઉભો રહેજે નહિ; અલબત્ત તે મસ્જિદ કે જેનો પાયો પ્રથમ દિવસથી જ પરહેજગારી પર નાખવામાં આવ્યો હોય તેમાં તું નમાઝ પઢવા ઉભો રહે તો તે વધુ યોગ્ય છે; (કારણ કે) તેમાં એવા લોકો છે કે જેઓ પવિત્ર થવાની ઇચ્છા રાખે છે; અને અલ્લાહ પણ પવિત્ર રહેનારાઓને દોસ્ત રાખે છે.

اَفَمَنۡ اَسَّسَ بُنۡيَانَهٗ عَلٰى تَقۡوٰى مِنَ اللّٰهِ وَرِضۡوَانٍ خَيۡرٌ اَمۡ مَّنۡ
اَسَّسَ بُنۡيَانَهٗ عَلٰى شَفَا جُرُفٍ هَارٍ فَانۡهَارَ بِهٖ فِىۡ نَارِ جَهَنَّمَ‌ؕ
وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿۱۰۹﴾

(૧૦૯) શું તે શખ્સ કે જે પોતાના (દીનનો) પાયો અલ્લાહના ખૌફ તથા તેની ખુશનુદી પર મૂકે છે તે બહેતર છે કે તે શખ્સ કે જે પોતાનો પાયો નદીના પડું પડું થઇ રહેલા કાંઠા પર મૂકે, પછી તે તેને સાથે લઇને જહન્નમની આગમાં પડે અને અલ્લાહ ઝાલિમ લોકોની રાહબરી કરતો નથી.

لَا يَزَالُ بُنۡيَانُهُمُ الَّذِىۡ بَنَوۡا رِيۡبَةً فِىۡ قُلُوۡبِهِمۡ اِلَّاۤ اَنۡ تَقَطَّعَ
قُلُوۡبُهُمۡ‌ؕ وَاللّٰهُ عَلِيۡمٌ حَكِيۡمٌ ﴿۱۱۰﴾